<u>દેડીયાપાડા પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુના રજી નં.૧૧૮૨૩૦૦૪૨૬૦૧ પર/૨૦૨૬,પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઈ) મુજબ ના કામે આરોપી વિક્રમભાઈ સોનજીભાઈ વસાવાની જામીન અરજી લગત હુકમ</u>

(૧) સદર કામે એ.પી.પીશ્રીને સાંભળ્યા, તેમનો વાંધો ધ્યાને લીધો. જામીન અરજી તથા ફરીયાદ વંચાણે લીધી.

(૨) આરોપીના વિધ્વાન વકીલશ્રી ની ટૂંક રજુઆત જામીન અરજી મુજબ છે. તથા વધુમાં જણાવે છે કે, આ કામના આરોપી રહે. ગવલાવાડી દેવળ ફળીયું, તા.ચીકદા, જી.નર્મદાના વતની છે, તેઓ નાશી ભાગી જાય તેમ નથી તેમજ આરોપીઓ ને હાલનાં ગુનાંમાં ખોટી રીતે સંડોવેલ છે. આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. કોર્ટ જે શરતો ફરમાવે તેનું પાલન કરશે. આરોપી કુટુંબ કબીલાવાળા છે. સ્થાવર જંગમ મિલકત ધરાવે છે. જો આરોપીઓ ને જેલમાં રાખી મુકવામાં આવે તો કુંટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે. જેથી આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીના વકીલશ્રીની રજૂઆતો લક્ષમાં લીધી. આ કામે આરોપી સામે પ્રોહીબીશન એકટ–૬૫(એ)(ઈ) મુજબનાં ગુનાનો આક્ષેપ છે.દારૂ લીટર–૩૯.૯૬૦,કી.રૂા.૪૬,૦૫૬/–નો પ્રોહીબીશન મુદામાલ ગેરકાયદેસર અને વગર પાસ પરમિટેનો રાખી રેઈડ દરમિયાન હાજર નહી મળી આવી ગુનો કરેલ છે. આ કામે આરોપી સામેના ગુનાની સજાની જોગવાઈ તેમજ ગુનાની ગંભીરતા તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા હાલનો ગુનો આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનો નથી. તેમજ બેલ એ રૂલ અને જેલ તે એકસેપશનના સિધ્ધાંતોને ધ્યાને લેવા જરૂરી છે. વળી, ફરીયાદ તે પુરાવાનો વિષય છે. કેસ ચાલી પુરાવો લેતાં સમય લાગે તેમ છે. ત્યાં સુધી આરોપીને જેલમાં રાખી મુકવાથી ન્યાયનો હેતુ સરે તેમ નથી. પરંતુ જો તેને જામીન મુકત કરવામાં આવે તો

તે પોતાનો બચાવ કરી શકે. મારી હકૂમતની નજીકના જીલ્લાના રહીશ છે. મુદતે હાજર રહેવાની ખાતરી આપેલ છે તેને ધ્યાને લેતા મુદતે હાજર રહેશે તેમ માનું છું. કોઈ ગુનાહિત ઈતિહાસ હોય તેવું રજૂ પેપર્સ પરથી જણાતું નથી. ઉપરોકત તમામ કારણો ને ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવાનું ન્યાયોચિત જણાય આવતુ હોય નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે

**<u>-:: હુ ક મ ::-</u>**

(૧) હાલની જામીન અરજી **"મંજુર"** કરવામાં આવે છે.

(૨) હાલના આરોપી રૂા.૫,૦૦૦/- (અંકે રૂ.પાંચ હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમનાં સધ્ધર જામીન આપ્યેથી તથા નીચેની શરતો ને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો ::-</u>**

(૧) આરોપીએ તેમની સ્વતંત્રાનો દુર ઉપયોગ કરવો નહીં.

(૨) આરોપીએ ફરીથી આવા કે અન્ય કોઈપણ પ્રકારના ગુનામાં પોતાની જાતને સંડોવણી થાય તેવું કૃત્ય કરવુ કરાવવુ નહી.

(૩) આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી,લોભ લાલચ કે પ્રલોભન આપવું નહી.

(૪) આરોપીએ તેમનુ તાજેતરનું અને કાયમી સરનામું તેમનાં મોબાઈલ નંબર સહીત કોર્ટ સમક્ષ રજુ કરવુ અને કોર્ટની પરવાનગી વગર તેમા ફેરફાર કરવો નહી.

હુકમ આજરોજ તારીખ: ૧૦ મી,માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૧૦/૦૩/૨૦૨૬

(બી.જે.પંડયા)
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ,
દેડિયાપાડા